   D. Any person, who acquires shares of the Company and become member of the Company after dispatch of the Notice of AGM and holding shares as on the cut-off date i.e. Friday, September 13, 2019, may obtain the login ID and password by sending a request at evoting@nsdl.co.in or support@purvashare.com or redressal@bloomdekor.com. However, if you are already registered with NSDL for remote e-voting then you can use your existing user ID and password for casting your vote. If you forgot your password, you can reset your password by using "Forgot User Details/Password" option available on www.evoting.nsdl.com.

   E. Members may note that a) the remote e-voting module shall be disabled by NSDL after the aforesaid date and time for voting and once the vote on a resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently; b) the facility for voting through polling paper shall be made available at the 28th AGM; c) the members who have cast their vote by remote e-voting prior to the 28th AGM may also attend the 28th AGM but shall not be entitled to cast their vote again; and d) a person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date shall only be entitled to avail the facility of remote e-voting as well as voting in the Annual General Meeting.
3. The Notice of the 28th AGM as well as Annual Report for the financial year 2018-19 is also available on the Company's website www.bloomdekor.com and the notice of 28th AGM on website of e-voting agency www.evoting.nsdl.com.
4. In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Members and remote e-voting user manual for Members available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800-222-990. Members may also contact Mr. Tushar Donda, Company Secretary of the Company at the Corporate Office of the Company or may write an e-mail to redressal@bloomdekor.com or may call on +91 - 79 - 2684 1916 / 17 for any further clarification.

For, Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta,
Managing Director
DIN: 00012572

**Date:** August 27, 2019
**Place:** Ahmedabad

## પુસારલા વી સિંધુ એ BWF ચેમ્પીયનશીપ ૨૦૧૯ માં અપાવ્યુ ભારત ને સન્માન



અમદાવાદ: સ્વિટઝરલેન્ડની રાજધાની બાસેલ ખાતે જયારે બીડબલ્યુએફ ચેમ્પીયનશીપ ૨૦૧૯ માં ભારતીય ત્રિરંગો લહેરાયો ત્યારે આપણા સહુ માટે તે ગર્વની વાત હતી. પી.વી.સિન્ધુ એ BWFવર્લ્ડ ચેમ્પિયશનશીપ જીતનાર પ્રથમ ભારતીય બની ઈતિહાસ રચ્યો.

૨૪ વર્ષીય ભારતીય ખેલાડીએ વુમન્સ સિંગલ વર્લ્ડ ટાઈટલ જીતી દેશને ગર્વ અપાવ્યુ. બાસેલ ના પ્રેક્ષકોએ ખુબ જ ઉત્સાહથી મેચમાં પ્રોત્સાહન આપ્યુ અને અદભુત પ્રદર્શન નિહાળ્યુ, પછી તે એટેકીગ હોય, રેલીગ હોય કે ડીફેન્સીગ હોય સિંધુએ મેચ પર પ્રભુત્વ બનાવી રાખ્યુ. ન્યુ બેડમીન્ટન કવીન પી.વી.સિંધુ એ જણાવ્યુ કે હુ ખુબ જ ખુશ છુ. ઘણા સમયથી હું રાહ જોઈ રહી હતી. ખરેખર આ મારા અને ઈન્ડિયા માટે ગર્વની વાત છે. ઘણા લોકોએ રાહ જોઈ હતી.

રહાઈન નદી ના કિનારે વસેલ બાસેલ આ BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ્સ અને BWF પેરા બેડમીન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપનુ યજમાન હતુ અને આ ચેમ્પીયનશીપથી ઘણા બધા ઉત્સાહી સ્પોર્ટસ રસિયાઓ એ વિશ્વભરમાંથી આ સ્થળની મુલાકાત લીધી. પ્રથમવાર વર્લ્ડ ચેમ્પિયનશીપ ઓફ બેડમીન્ટન અને પેરા બેડમીન્ટન એક સાથે એક શહેરમાં યોજાઈ છે. આ સુંદર શહેરનો ઈથિાસ ૨૦૦૦ વર્ષ જુનો છે જે આજે પણ જીવંત છે . ઐતિહાસિક સ્થળો, ૪૦થી વધુ મ્યુઝીયમ , અગણીત ગેલરીઓ અને આર્ટીસ્ટીક લેનવે ના આ શહેર અલગ જ છે. -

# ગુજરાત પર ફરી મેઘકૃપા, અરવલ્લી જિલ્લામાં સતત બે દિવસથી વરસાદ : સરેરાશ ૭૫.૧૯ ટકા થયો



મોડાસા, શ્રાવણ માસ સમાપ્ત થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે તેમ છતા આ વખતે ગુજરાત પર મેઘકૃપા અવિરત રહી છે. શ્રાવણી માસના છેલ્લા સોમવારે પણ હવામાનમાં એકાએક પલટો આવતા સાબરકાંઠા, બનાસકાંઠા તેમજ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં સારો વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રના અમરેલી તેમજ બગસરામાં બે દિવસથી જોરદાર વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત મહિસાગરમાં પણ સારો વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા બાદ બીજા રાઉન્ડમાં પણ લોકોને તરબોળ કરી દીધા છે. નર્મદા ખાતે આવેલા સરદાર સરોવર ડેમે ૧૩૩ મીટરની ઐતિહાસિક સપાટી વટાવી દીધી છે અને ડેમ પર આવેલા ટર્બાઈન પાવર પ્લાન્ટને શરૂ કરી દેવામાં આવ્યો છે. વડોદરા, ડભોઈ, પાવાગઢ અને હાલોલમાં ધીમી ધારે વરસાદ પડ્યો છે. મંગળવારે વહેલી સવારથી અમદાવાદ તેમજ આસપાસના વિસ્તારોમાં પણ માહોલ ખુશનુમા બની ગયો છે અને એકધારો વરસાદ વરસી રહ્યો છે.

વરસાદના બીજા રાઉન્ડથી ચોતરફ ઠંડક પ્રસરી છે. અરવલ્લી જિલ્લામાં બે દિવસથી વરસાદ સતત થઈ રહ્યો છે. ત્યારે જિલ્લામાં સીઝનનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ બાયડ તાલુકામાં નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ ભિલોડા તાલુકામાં નોંધાયો છે. વરસાદને પગલે ખેતીને નવજીવન મળ્યું હતું સાથે નદી નાળાંમાં પણ પાણી વહેતા થયા હતા. વરસાદ તોફાની થવાને બદલે ધીરે ધીરે પડતાં ખેતીલાયક વરસાદ પડી રહ્યો હોવાનું ખેડૂતોએ જણાવતાં આનંદ અનુભવ્યો હતો. સાથે જિલ્લાના ડેમોમાં પણ પાણીની આવક શરૂ થઈ છે. અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છેલ્લા બે દિવસમાં નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. જિલ્લાના છએ તાલુકાઓમાં મેઘમહેર થતાં કપાસ,મગફળી, અળદ, મકાઈ જેવા પાકોને જીવતદાન મળ્યું હતું. તો બીજી તરફ વરસાદી માહોલ સર્જાતાં લાંબા સમયથી સુકાભઠ્ઠ નદી નાળામાં પાણીના વહેણ વહેતા થયા હતા. જો કે જિલ્લામાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધી સરેરાશ સારો એવો વરસાદ નોંધાયો છે. જિલ્લાના સિંચાઈ વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં માજુમ અને વાત્રક ડેમમાં પાણીની આવક શરૂ થઈ છે. જો કે જિલ્લામાં સાર્વત્રિક વરાસદ નોંધાતાં ખેડૂતો હરખાયા હતા. સૌરાષ્ટ્રના અમરેલી તેમજ બગસરામાં બે દિવસથી જોરદાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદને પગલે ખેતીને નવજીવન મળ્યું હતું સાથે નદી નાળાંમાં પણ પાણી વહેતા થયા હતા.

## વિંગ કમાન્ડર અભિનંદને છ મહિના બાદ ઉડાડ્યું એરફોર્સ મિગ-૨૧

ન્યુ દિલ્હી: પાકિસ્તાનના F-૧૬ વિમાનને તોડી પાડનાર ભારતીય એરફોર્સના જાંબાજ પાયલટ વિંગ કમાન્ડર અભિનંદને મિગ ૨૧ વિમાન ફરીથી ઉડાડવાનું શરૂ કરી દીધું છે. અભિનંદને લગભગ ૬ મહિના બાદ ફાઈટર પ્લેન ઉડાડ્યું છે.

સેનાના ઉપરી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અભિનંદને વિમાન ઉડાડવાનું શરૂ કરી દીધું છે. અત્યારે અભિનંદન રાજસ્થાનમાં ભારતીય સેનાના એક અડ્ડા પર સેવા આપી રહ્યા છે.

બાલાકોટમાં ભારતીય વાયુસેનાએ એર સ્ટ્રાઈક કરી તેના એક દિવસ બાદ પાકિસ્તાની વિભાનોએ ભારતમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના પ્રયત્નોને નાકામ કરતાં વિંગ કમાન્ડર અભિનંદને તેમને પાછા ખદેડ્યા હતા.

પાકિસ્તાની F-૧૬ સાથેની ડૉગ ફાઈટ દરમિયાન વિંગ કમાન્ડર અભિનંદનનું મિગ-૨૧ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને તેઓ પાકિસ્તાની સીમામાં જઈને પડ્યા હતા. પાકિસ્તાને તેમને પકડી લીધા હતા અને ૧ માર્ચે જિનેવા સંધિ અંતર્ગત તેમને ભારતને પાછા સોંપવામાં આવ્યા હતા.

પાકિસ્તાનમાંથી આવ્યા બાદ વિંગ કમાન્ડર અભિનંદને ફરીથી વાયુસેના જોઈન કરી હતી. તેમના શૌર્યને જોતાં આ સ્વતંત્રતા દિને તેમને વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ચીનની નફફટાઈ: પાક.સેના પ્રમુખ બાજવાને પાક.ના અસાધારણ નેતા ગણાવ્યા

બેઈજિંગ: ભારતે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને હટાવતા પાકિસ્તાને રઘવાયા થઈ દુનિયા આખીમાં મદદ માટે રોદણા રોયા, ચીને પણ પહેલા ધડાકે મદદની ના પાડી દીધી હતી. પરંતુ પાછલા બારણે ચીન મદદ કરી રહ્યું હોય તેવી માહિતી બહાર આવી છે. જી હા ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે ત્યારે ચીનનો પાકિસ્તાન પ્રેમ જગજાહેર થઈ ગયો છે. વાત એમ છે કે ચીને પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાના કાર્યકાળને ત્રણ વર્ષ વધારવાનું સમર્થન કર્યું છે. સાથો સાથ ચીને જનરલ બાજવાને પાકિસ્તાન સેનાના એક અસાધારણ નેતા પણ ગણાવ્યા.

ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે જનરલ કમર જાવેદ બાજવાના નેતૃત્વમાં પાકિસ્તાન સેના, પાકિસ્તાનની સંપ્રભુતા અને સુરક્ષા હિતોને બનાવી રાખવામાં યોગદાન આપવાનું ચાલુ રાખશે. વિદેશ મંત્રાલયના પ્રવકતા ગેંગ શુઆંગ એ પત્રકારો સાથે પોતાની નિયમિત વાર્તા દરમ્યાન કહ્યું કે અમે માનીએ છીએ કે જનરલ બાજવાના નેતૃત્વમાં પાકિસ્તાનની સેના પાકિસ્તાનની સંપ્રભુતા, સુરક્ષા હિતો, ક્ષેત્રીય શાંતિ, અને સ્થિરતાને બનાવી રાખવામાં યોગદાન આપવાનું ચાલુ રાખશે.

ચીની વિદેશ મંત્રાલયના પ્રવકતા એ કહ્યું કે અમે પાકિસ્તાની સરકારના આ નિર્ણય પર ધ્યાન આપીએ છીએ. ગેંગ એ કહ્યું કે જનરલ બાજવા ચીની સરકાર અને તેમની સેનાના એક સાચા અને જૂના મિત્ર છે. તેમણે ચીન અને પાકિસ્તાનની વચ્ચે સંબંધોમાં સકારાત્મક યોગદાન આપ્યું છે. જી હા ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે ત્યારે ચીનનો પાકિસ્તાન પ્રેમ જગજાહેર થઈ ગયો છે. વાત એમ છે કે ચીને પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાના કાર્યકાળને ત્રણ વર્ષ વધારવાનું સમર્થન કર્યુંછે. સાથો સાથ ચીને જનરલ બાજવાને પાકિસ્તાન સેનાના એક અસાધારણ નેતા પણ ગણાવ્યા.

## સ્વતંત્રતા, આઝાદી, મુક્તિ કોને ના ગમે?



અમદાવાદ: ભલે પછીએ જિંદગી જીવવા માટેની હોય, વિચારોની હોય, કે પછી વર્તન કે વાણીની હોય. પરંતુ અસ્વસ્થતાથી સ્વતંત્રતા કેળવવા કે મરીઝ બનવાથી મુક્તિ મેળવવા પ્રત્યે હજુ આપણો સમાજ જાગૃત થયેલ નથી. સામાન્ય શરદી ઉધરસ થાય કે કેન્સર જેવી ગંભીર બીમારી આપણું શરીર સાથ આપવાનું બંધ કરે ત્યારેજ આપણે ઊંઘમાંથી સફાળા જાગીએ અને પછી રઘવાયા બની દોટ મુકીએ જે બાજુ જે રસ્તો જડે એ બાજુ ભાગીએ!! હજુપણ એક સર્વ સામાન્ય સમસ્યા સમાજમાં પ્રવર્તે છે કે આપણે અનેક ગંભીરથી અતિગંભીર રોગોની ગુલામીના અજગરી ભરડામાં ભીસાય જઈએ પરંતુ અગમચેતી રાખીએ નહિ. હવાતિયા મારીએ પરંતુ હોશિયાર બનીએ નહિ. જીંદગીમાં ઝનૂનથી ઝઝૂમવાની ખેવના કેળવતા આપણે ઝનૂનથી અટકાયત કરી શકતા નથી. પરંતુ જો થોડી કાળજી અને સાવચેતી રાખવામાં આવે તો રોગથી મુક્તિ.. સ્વાસ્થયની સ્વતંત્રતા અને આરોગ્યસહ આઝાદી ચોક્કસપણે મેળવી શકાય છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે "ઉગતું જ ડામી દેવું" . કેન્સર જેવા રોગ થવાની શરુઆત થાય એ પહેલા એનું સ્કીનીગ થવું ખુબ જ જરૂરી છે. કેટલાક કેન્સર વારસાગત ઉતરી આવતા હોય છે આથી પોતાને કેન્સર થવાની શક્યતા વિષે જાણકારી મેળવવા પોતાના ડોક્ટર સાથે વાત કરી, સલાહ લઈ જે કોઈ એડવાન્સ લેબોરેટરી રીપોર્ટસ થતા હોય એ કરાવી લેવા હિતાવહ છે. આ ઉપરાંત રોજીંદા જીવનમાં ખરાબ આદતોને અટકાવવી - સારી આદતોને અપનાવવી, તાજો અને પૌષ્ટિક ખોરાક, તંદુરસ્ત અને મન્દુરસ્ત જીવનશૈલી તેમજ નિયમત અને યોગ્ય કસરત કરવાની ટેવ પાડવી આવશ્યક છે. ખાસ ધ્યાન રાખવું કેઉઁફ , ઉઁમ્ફ જેવી અમુક રસીઓ તેના શેડ્યુલ મુજબ ભૂલ્યા વગર મુકાવી લેવી. ધુમ્રપાન, દારૂ, તમાકુનું સેવન ના કરવું. બહારનો તીખો, તળેલો, વાસી ખોરાક ના લેવો. ભવિષ્યમાં કેન્સરની ગુલામીથી બચવા વર્તમાનમાં આવી સારી આદતોના ગુલામ બનવું અતિ આવશ્યક છે. (૧૯-૧)

## મોબાઈલ પર ઈન્ટરનેટ ડેટા વાપરવામાં ભારતના લોકો અમેરિકનો કરતા પણ આગળ

ન્યુ દિલ્હી: ભારતમાં હવે સસ્તા થઈ ગયેલા ઈન્ટરનેટ પ્લાનના કારણે મોબાઈલ ફોન પર ઈન્ટરનેટ વાપનારા લોકોની સંખ્યામાં તો વધારો થયો જ છે પણ મોબાઈલ પર ડેટા વપરાશ પણ વધી ગયો છે.


૨૦૧૮ના વર્ષમાં દરેક મોબાઈલ ધારકે દર મહિને સરેરાશ ૮ જીબી ઈન્ટરનેટ ડેટાનો ઉપયોગ કર્યો છે.જે ૨૦૧૭ના મુકાબલે ૭૫ ટકા વધારે છે.

ભારતે આ મામલે અમેરિકા, બ્રિટન અને સિંગાપોર જેવા દેશોને પણ પાછળ રાખી દીધા છે. અમેરિકનો દર મહિને સરેરાશ ૪ જીબી, સાઉથ કોરિયાના લોકો ૬ જીબી, જાપાનીઓ ૪.૫ જીબી અને સિંગાપોરના નાગરિકો ૩ જીબી ડેટા વાપરે છે.

ટ્રાઈ એટલે કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા સર્વે પ્રમાણે ૨૦૧૮માં ઈન્ટરનેટના ઉપયોગમાં ૪૦ ટકાનો વધારો થયો છે અને ૨૦૧૪ના મુકાબલે મોબાઈલ ઈન્ટરનેટ ૯૬ ટકા સસ્તુ થયુ છે.

ટેલિકોમ કંપનીઓની કમાણી ૨૦૧૮માં ૪૧ ટકા વધીને ૫૪૫૭૧ કરોડ રુપિયા પર પહોંચી છે.જો સરેરાશ આવકની વાત કરવામાં આવે તો કંપનીઓની આવક ૨૦૧૬ અને ૨૦૧૭માં ઓછી થયા બાદ ૨૦૧૮માં વધી છે. એરટેલે પ્રતિ ગ્રાહક ૧૨૭ રુપિયાની કમાણી કરી છે. જીઓએ ૧૨૨ અને વોડાફોને ૧૦૮ રુપિયા કમાણી કરી છે.

## ભારતમાં મલ્ટી-લેવલ માર્કેટિંગ કૌભાંડ પર વિચારોત્તેજક પુસ્તક 'મેરાઉડર્સ ઓફ હોપ' અમદાવાદમાં લોન્ચ



અમદાવાદ: દેશમાં બે દાયકાથી વધુ સમયથી મલ્ટી-લેવલ માર્કેટિંગ કૌભાંડો ચાલતા રહ્યા છે. આ કૌભાંડો આવકના સરળ સ્રોતના ઓઠા હેઠળ સરળતાથી છેતરાઈ શકે તેવા લોકોને મૂર્ખ બનાવીને આચરવામાં આવતા નાણાકીય કૌભાંડો છે.

'મેરાઉડર્સ ઓફ હોપ' (આશાના લૂંટારા) એક આંખ ઉઘાડનારું અને દેશના બધા જ સંબંધિક નાગરિકો અને સમગ્ર વિશ્વના ભોગ બનેલાઓ માટે વાંચવા જેવું પુસ્તક છે.

તે મલ્ટી-લેવલ માર્કેટિંગ કૌભાંડોનું વિશ્લેષણ કરે છે, તે શા માટે થાય છે તેના પર પ્રકાશ પાડે છે તથા ઝડપથી નાંણાં કમાવવા માગતા, ઝડપથી લોકોના નાંણાંની ઉચાપત કરતા શંકાસ્પદ બહુરાષ્ટ્રીય કોર્પોરેશન્સની કેન્સરજન્ય વૃદ્ધિને અટકાવવા ઉપચારાત્મક પગલાં રજૂ કરે છે. આ પુસ્તક એવી કંપનીઓ અને વ્યક્તિઓના અવિરત લોભ વિશે છે, જેઓ કપટ કરીને નાણાકીય યોજનાઓ દ્વારા લાભ મેળવે છે, જે અણધારી આપત્તિ માટેની રેસિપી છે. તે રાજકીય પ્રોત્સાહન અને ગેરકાયદે બળો પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ વિવિધ નિયમનકારી અને અમલીકરણના તંત્ર અંગેનું પણ પુસ્તક છે. શબ્દો પ્રત્યે લેખિકાના સ્થિર લગાવે તેમને પટકથા લેખક, કોર્પોરેટ અને દસ્તાવેજી ફિલ્મ નિર્માત્રી, અનુવાદક અને ટેલિવિઝન એન્કર જેવા સર્જનાત્મક્તાના વિવિધ મોરચે સાહસ કરવા પ્રેરણા આપી છે. રાજકારણ અને કળા, સમાચાર અને મંતવ્યો, સેલિબ્રિટીઝ અને સામાન્ય લોકો, સામાન્ય અને અસમાન્ય પરિસ્થિતિ રોમાંચક ક્ષણો સાથે તેમના પ્રવાસનો એક આંતરિક ભાગ છે. (૧૬)

## સરકારી બેંકોએ ૫૫૦૦ એટીએમ અને ૬૦૦ બ્રાન્ચોને તાળા માર્યા

ન્યુ દિલ્હી: ખર્ચ ઘટાડવા માટે સરકારી બેંકોએ છેલ્લા એક વર્ષમાં ૫૫૦૦ એટીએમ અને ૬૦૦ બેંક શાખાઓ બંધ કરી દીધી છે. ખબરો અનુસાર દેશનાં ૧૦ બેંકએ જે એટીએમ અને બેંક શાખાઓને બંધ કરી દીધા છે તેમા મોટો ભોગ શહેરી વિસ્તારનો છે.

સરકારી બેંકોનું કહેવું છે કે, શહેરી ગ્રાહક ઈન્ટરનેટ બેંકિગનો ઉપયોગ ખુબ જ પ્રમાણમાં કરી રહ્યા છે. માટે બ્રાન્ચ અને એટીએમ જેવા ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગાવવા અને તેની સાચવણી કરવા પર વધારે ખર્ચ કરવાની જરૂરીયાત નથી. સાથે જ સરકારી બેંક બેલેંસ શીટ ખર્ચ ઘટાડવાની દિશામાં પણ કામ કરી રહ્યા છે. જોકે, આ સરાકરી બેંકોએ ગ્રામીણ ક્ષેત્રમાં એટીએમ અને બેંક શાખાઓમાં કોઈ ઘટાડો કર્યો નથી. જાણકારી અનુસાર જૂન ૨૦૧૮થી જૂન ૨૦૧૯ વચ્ચે આ એટીએમ અને બેંક શાખાઓનું શટર પાડી દેવામાં આવ્યું છે. ખબર અનુસાર દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ)એ ૪૨૦ બેંક શાખા અને ૭૬૮ એટીએમ બંધ કરી દીધા છે. વિજયા બેંક અને દેના બેંકનાં વિલય બાદ બેંક ઓફ બડોદાએ કુલ ૪૦ બેંક શાખા અને ૨૭૪ એટીએણ બંધ કરી દીધા છે. આ સિવાય પંજાબ નેશનલ બેંક (પીએનબી), સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, કેનરા બેંક, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, યૂનિયન બેંક, ઈલાહાબાદ બેંક સામેલ છે. સરકારી બેંકોનું કહેવું છે કે, શહેરી ગ્રાહક ઈન્ટરનેટ બેંકિગનો ઉપયોગ ખુબ જ પ્રમાણમાં કરી રહ્યા છે. માટે બ્રાન્ચ અને એટીએમ જેવા ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગાવવા અને તેની સાચવણી કરવા પર વધારે ખર્ચ કરવાની જરૂરીયાત નથી. સાથે જ સરકારી બેંક બેલેંસ શીટ ખર્ચ ઘટાડવાની દિશામાં પણ કામ કરી રહ્યા છે. જોકે, આ સરાકરી બેંકોએ ગ્રામીણ ક્ષેત્રમાં એટીએમ અને બેંક શાખાઓમાં કોઈ ઘટાડો કર્યો નથી. જાણકારી અનુસાર જૂન ૨૦૧૮થી જૂન ૨૦૧૯ વચ્ચે આ એટીએમ અને બેંક શાખાઓનું શટર પાડી દેવામાં આવ્યું છે.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

ધ ફેડરલ બેંક લી., એલસીઆરડી/મુંબઈ ડિવીઝન.
સરનામું : ૧૩૪, ૧૩મો માળ, જોલી મેકર ચેમ્બર્સ નં. ૨, નારીમન પોઈન્ટ, મુંબઈ : ૪૦૦ ૦૨૧ ઈમેલ : mumlcrd@federalbank.co.in/
ફોન: ૦૨૨- ૨૨૦૨૮૪૨૭, ૦૨૨- ૨૨૦૨૨૫૪૮

લોન કલેક્શન એન્ડ રિકવરી
ડિપાર્ટમેંટ/મુંબઈ ડિવીઝન

રેફ. નં. બીબીવાયઓ/ / /૨૦૧૯-૨૦ તારીખ : ૨૩/૦૮/૨૦૧૯

કબજા નોટીસ

જત સિક્યુરીટીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(અહી હવે પછી તે એક્ટ તરીકે ઓળખાશે ) તેની સાથે અનુચ્છેદ ૧૩ (૧૨)ની સાથે નિયમ ૩ વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨( હવે પછી નીયમ તરીકે ઓળખાશે ) મળેલ સત્તાની રૂએ ફેડરલ બેન્ક લી.ના અધિકૃત અધિકારીએ તા. ૨૩/૦૪/૨૦૧૮ ની માંગણા નોટીસ આપી કરજદાર (૧) શ્રી કન્હાઈ કુમાર સાહ અને (૨) શ્રીમતી કિરણ કે સાહ બન્ને રહેવાસી એટ્ પ્લોટ નં. સી/૧૫૪, સબ પ્લોટ નં. સી/૧૫૪-બી, કુકમા સિટી ટાઉનશીપ, ભુજ, કચ્છ, ગુજરાત- ૩૭૦૦૦૧ રૂ.૧૫,૮૪,૫૨૦.૦૦ (રૂપિયા પન્દર લાખ ચૌર્યાસી હજાર પાંચસો વીસ પુરા) લોન બન્ને સાથેનું વ્યાજ તેની સાથે આકસ્મીક ખર્ચા , કીમંત , ખર્ચ વગેરે જયા સુધી સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોમાં પરત ચૂકવણી ન થાય ત્યાં સુધી.
ઋણદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી ઋણદાર અને સામાન્ય જનતાને આથી નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાની કલમ ૧૩ (૪) અનુચ્છેદ નીચે સાથે સદરહુ નિયમોના નિયમ ૮ ને વાંચતા આ નિયમ પ્રમાણે તા.૨૩મી ઓગષ્ટ ૨૦૧૯ ના રોજ મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ મિલ્કતનો કબજો લીધેલ છે.
ઋણદારો ધ્યાન આપે કે આ( સિક્યોર્ડ અસેટ્ ) આ એક્ટના નિયમ ૧૩(૮) ની જોગવાઈ મુજબ અપેક્ષિત ટાઈમમાં પુન પ્રાપ્ત કરી શકે છે.
ખાસ કરીને ઋણદારે અને જાહેર જનતાને આથી મિલ્કત સાથે વ્યવહાર ન કરવા તાકીદ કરવામાં આવે છે અને મિલ્કત ફેડરલ બેંકના ચાર્જમાં છે આ મિલકત પર રૂા.૧૬,૪૭,૬૦૮.૦૦ (રૂપિયા સોલ લાખ સુડતાલીસ હજાર છસો આઠ પુરા ) તથા તે પરના વ્યાજ અને ખર્ચાઓની રકમ.

સ્થાવર મિલ્કતની વિગત

તમામ ભાગ અને હિસ્સો રેસીડેન્શીયલ હાઉસ સ્થિત એટ્ આર.એસ. નં. ૪૩ પૈકી, સબ પ્લોટ નં. સી/૧૫૪ બી પ્લોટ સી/૧૫૪, કુકમા સિટી સ્કેવર ટાઉનશીપ બીએમસીબી સ્કૂલ પાસે, માપ ૬૦ સ્કેવર મીટર્સ, ગામ કુકમા, તાલુકા ભુજ જિલ્લો - કચ્છ ગુજરાત જેના ચારે બાજુ પૂર્વે સબ પ્લોટ નં. સી- ૧૫૪/એ, પશ્ચિમે ઈન્ટરનલ રોડ, ઉત્તરે સબ પ્લોટ સી- ૧૫૪/સી અને દક્ષિણે પ્લોટ નં. સી/૭૨ છે.

ધ ફેડરલ બેંક લી. વતી
આસિસ્ટેંટ વૉઈસ પ્રેસીડેન્ટ
( ઑથોરાઈઝ્ડ ઓફિસર અંડર સરફેસી એક્ટ, ૨૦૦૨)

તારીખ : ૨૩/૦૮/૨૦૧૯
સ્થળ : ભુજ

યુગ ડેકોર લિમિટેડ
CIN: L24295GJ2003PLC042531
રજી.ઓફિસ: ૭૦૯ - ૭૧૪, સાકાર- ૫, નટરાજ સિનેમાની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત, ભારત, ફોન નંબર: + ૯૧ ૭૯ ૨૬૫૮૦૯૨૦/ ૪૮૯૫૫૧૦૯,
ઈ-મેઈલ આઈડી: account@yugdecor.com, વેબસાઈટ: www.yugdecor.com

૧૬મી વાર્ષિક સામાન્ય સભા, બુક બંધ અને ઈ-વોટિંગ અંગે નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે યુગ ડેકોર લિમિટેડ (કંપની) ના સભ્યોની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯, ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ વાગે કંપની ના રજીસ્ટર્ડ ઓફિસ પર, ૭૦૯ - ૭૧૪, સાકાર- ૫, નટરાજ સિનેમાની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત, ભારત ખાતે ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૯ની એજીએમ ની જાણ કરતી નોટિસમાં જણાવેલ કામકાજ માટે મળશે.

કંપની/ડિપોઝીટરી પાર્ટીસીપેન્ટસમાં જેમના ઈ-મેઈલ આઈ-ડી નોંધાયેલા છે તેવા સભ્યોને ૧૬મી એજીએમ ની નોટિસ અને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલ છે અને બધા સભ્યોને તેમના નોંધાયેલા સરનામે મોકલવામાં આવેલ છે. જે કોઈને નકલો ન મળે અને પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવતા હોય તો તે કંપની ના રજીસ્ટર્ડ ઓફિસ પર સેક્રેટરીયલ વિભાગ ને પત્ર લખી શકે છે. અથવા આ ઈ-મેઈલ આઈડી cs@yugdecor.com પર મેઈલ પણ કરી શકે છે.

આથી એવી પણ નોટિસ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ-૯૧ તથા તેના અંતર્ગત બનાવેલા નિયમ તેમજ સેબી (એલઓડીઆર) નિયમો, ૨૦૧૫ના નિયમ ૪૨ અન્વયે કંપનીના સભ્યોના રેજિસ્ટર તથા શેર ટ્રાન્સફર બૂક્સ શનિવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૯થી શુક્રવાર, તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી (બન્ને દિવસો સહિત), ૧૬મી એજીએમ ના કામકાજ માટે બંધ રહેશે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ તથા કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૨૦ તેમજ સેબી (એલઓડીઆર) નિયમો, ૨૦૧૫ નિયમ ૪૪ અન્વયે કંપની તેના સભ્યોને નોટિસમાં જણાવેલા ઠરાવો ઉપર મત આપવા માટે 'રિમોટ ઈ-વોટિંગ' (એટલે કે એજીએમના સ્થળ સિવાયના અન્ય સ્થળે ઈ-વોટિંગ)ની સુવિધા આપે છે. કંપની ધારા,૨૦૧૩ અને તેના અંતર્ગત બનાવેલા નિયમોની જોગવાઈ અનુસાર વિગતો નીચે જણાવેલ છે:

| | | |
|---|---|---|
| ૧. | એજીએમની નોટિસ મોકલવાની કામગીરી પૂર્ણ કર્યાની તારીખ | મંગળવાર, ૨૭મી, ઓગસ્ટ, ૨૦૧૯ |
| ૨. | રીમોટ ઇ-વોટિંગ ના પ્રારંભની તારીખ અને સમય | મંગળવાર, ૧૭મી, સપ્ટેમ્બર, ૨૦૧૯,સવારે ૯:૦૦ વાગે |
| ૩. | રીમોટ ઇ-વોટિંગ ના સમાપનની તારીખ અને સમય | ગુરૂવાર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯, સાંજે ૫:૦૦ વાગે |
| ૪. | રીમોટ ઇ-વોટિંગ ના હકક નકકી કરવા તારીખ અને સમયમાટેની કટ ઓફ ડેટ | શુક્રવાર, ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯ |
| ૫. | કંપની દ્વારા એજીએમની નોટિસ મોકલાયા બાદ શેર હસ્તગત કર્યા હોય અને કંપનીના સભ્યો બન્યા હોય તેમજ કટ ઓફ ડેટ સુધીમાં ડિપોઝિટરિસ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનિફિશિયલ ઓનર્સ / કંપનીના સભ્યોના રજિસ્ટરમાં નામ ધરાવતા હોય તેવી વ્યક્તિ એજીએમની નોટિસમાં દર્શાવેલી પ્રકિયા બાદ રીમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. | |
| ૬. | રીમોટ ઇ-વોટિંગ કરી શકાશે નહીં | ગુરૂવાર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯, સાંજે ૫:૦૦ વાગ્યા પછી |
| ૭. | એજીએમના સ્થળે ઠરાવો પર મત આપવાની રીત | એજીએમના સ્થળે "બેલેટ પેપર" દ્વારા મત આપવાની સુવિધા ઉપલબ્ધ હશે. એજીએમના સ્થળે ઇ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ થશે નહીં. જે સભ્યોએ એજીએમ પહેલા રીમોટ ઇ-વોટિંગ દ્વારા તેમનો મત આપી દીધો હશે તે એજીએમમાં ઉપસ્થિત રહી શકશે પરંતુ મત આપવા માટે હકદાર રહેશે નહીં. |
| ૮. | ૧૬મી એજીએમની નોટિસ કંપનીની અને સીડીએસએલની વેબસાઇટ પર ઉપલબ્ધ છે | www.yugdecor.com, www.evotingindia.com |
| ૯. | રીમોટ ઇ-વોટિંગ અંગે ફરિયાદના નિવારણ અંગે જવાબદાર વ્યક્તિની સંપર્કની વિગતો | અધિકારીનું નામ: રાકેશ દલવી<br>હોદ્દો: મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ<br>સરનામું: ૨૫મો માળ , એ વિંગ , મેરેથોન ફ્યુચરએક્સ , મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઇ), મુંબઇ-૪૦૦૦૧૩<br>ઇ-મેઇલ આઈડી: helpdesk.evoting@cdslindia.com<br>ફોન નં.: ૧૮૦૦૨૨૫૫૩૩ |

બોર્ડના હુકમથી
યુગ ડેકોર લિમિટેડ વતી
ચંદ્રેશ એસ. સારસ્વત
મેનેજિંગ ડિરેક્ટર

સ્થળ: અમદાવાદ
તારીખ: ૨૭મી ઓગસ્ટ, ૨૦૧૯

બ્લૂમ ડેકોર લીમીટેડ
CIN: L20210GJ1992PLC017341
રજિ. ઓફિસ : બ્લોક નં. ૨૬૭ ગામ ઓરન, તા.પ્રાંતિજ, સાબરકાંઠા, ઉત્તર ગુજરાત-૩૮૩૨૦૫
કોર્પો.ઓફિસ : ૨/એફ, સુમેલ, સરખેજ-ગાંધીનગર હાઈવે રોડ, જીએનએફસી ઈન્ફો ટાવર સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : +૯૧-૨૭૭૦-૨૫૦ ૧૧૦ ફેક્સ નંબર: +૯૧-૨૭૭૦-૨૫૦૧૦૧
ઈ-મેઈલ : redressal@bloomdekor.com
ફોન નંબર : +૯૧-૭૯-૨૬૮૪૧૯૧૬/૧૭/૧૮ ફેક્સ નંબર: +૯૧-૭૯-૨૬૮૪૧૯૧૪
વેબસાઈટ: www.bloomdekor.com

કંપનીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા, બૂક ક્લોઝર અને ઈ-વોટિંગની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે બ્લૂમ ડેકોર લિમિટેડ (કંપની) ના શેરહોલ્ડરોની અઠ્યાવીસમી વાર્ષિક સામાન્ય સભા ("વાર્ષિક સામાન્ય સભા") તારીખ: શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ ૧૧.૦૦ કલાકે કંપની ની રજિસ્ટર્ડ ઓફિસ પર, એટલે કે બ્લોક નં ૨૬૭, ગામ ઓરન, તાલ: પ્રાંતજ, સાબરકાંઠા, ઉત્તર ગુજરાત - ૩૮૩૨૦૫, સામાન્ય વ્યવસાયોને અને ખાસ વ્યવસાયોને, કે જે અઠ્યાવીસમી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં નોન્ધવામાં આવ્યા છે તેને મંજૂર કરવા માટે યોજવામાં આવશે.

અઠ્યાવીસમી વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે કંપનીના શેરહોલ્ડરોના નોંધણીપત્રક અને શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શુક્રવાર, સપ્ટેમ્બર ૨૦, ૨૦૧૯ (બંને દિવસ સહિત) બંધ રાખવામા આવશે.

૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને કંપનીના નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટેનો વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક કોપી, એ તમામ સભ્યોને કે જેના ઈમેઈલ સરનામાં ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ટો) સાથે નોંધાયેલા છે તેમને મોકલેલ છે. એ સભ્યો કે જેમના ઈમેઈલ સરનામાં નોંધાયેલા નથી તેમને નકલો મંજૂરી મોડમાં તેમના નોંધાયેલા સરનામાં મોકલવામાં આવી છે.

કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને કંપનીઓના (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ (તેના સુધારણા સહિત) અને સેબીના (લિસ્ટિંગ જવાબદારીઓ અને જાહેરાતો જરૂરિયાત) નિયમનો, ૨૦૧૫ ના નિયમ ૪૪ હેઠળ, ૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં રજૂ કરાયેલા તમામ વ્યવસાયો માટે વાર્ષિક સામાન્ય સભાના સ્થળથી બીજા સ્થળે ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરવા માટે સદસ્યોને દૂરસ્થ ઈ-મતદાન સુવિધા પૂરી પાડતા કંપનીને ખુશી થાય છે. કંપનીએ દૂરસ્થ ઈ-મતદાન એજન્સી તરીકે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") ની સેવાઓનો લાભ લિધો છે.

બધા સભ્યોને જાણ કરવામાં આવે છે કે;

૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં રજૂ કરાયેલા સામાન્ય વ્યવસાયો અને ખાસ વ્યવસાયોને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મતદાન દ્વારા વ્યવહારી શકાય છે.

દૂરસ્થ ઈ-મતદાન મંગલવાર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ (૦૯:૦૦ કલાકે) થી શરૂ થશે અને ગુરુવાર, સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૯ (૦૫:૦૦ વાગ્યે) પુરુ થશે.

ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા અને ૨૮મી વાર્ષિક સામાન્ય સભામાં મતદાન માટેની પાત્રતા નક્કી કરવા માટે શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના શેરહોલ્ડરો યોગ્ય ગણવામાં આવશે.

કોઈ પણ વ્યક્તિ કે જે, ૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર મેળવે છે અને કટ ઓફ ડેટ એટલે કે શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ કંપનીના શેર ધરાવે છે તો evoting@nsdl.co.in અથવા supprot@purvashare.com અથવા redressal@bloomdekro.com પર વિનંતિ મોકલીને લૉગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તમે પહેલાથી દૂરસ્થ ઈ-મતદાન માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ સાથે રજીસ્ટર થયા હોવ તો આપ મત આપવા માટે તમારા વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકો છો. જો તમે તમારો પાસવર્ડ ભૂલી ગયા છો, તો તમે www.evoting.nsdl.com પર "યુઝર વિગતો/પાસવર્ડ ભૂલી ગયા છો" વિકલ્પનો ઉપયોગ કરીને તમારો પાસવર્ડ ફરીથી સેટ કરી શકો છો.

સભ્યો નોંધ લેવા વિનન્તિ કે ૧) દૂરસ્થ ઈ-મતદાન મોડ્યુલ એનએસડીએલ દ્વારા મતદાન માટે ઉપરોક્ત તારીખ અને સમય પછી અક્ષમ રહેશે અને સભ્ય દ્વારા એક વખત મતદાન કર્યા પછી તેને બદલવા માટે મંજૂરી આપવામાં આવશે નહીં; ૨) પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા ૨૮મી વાર્ષિક સામાન્ય સભામાં ઉપલબ્ધ કરાવામા આવશે; ૩) ૨૮મી વાર્ષિક સામાન્ય સભા પહેલાં દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનારા સભ્યો પણ ૨૮મી વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકે છે પરંતુ તેમના મતને ફરીથી આપવાનો હકદાર રહેશે નહીં; અને ૪) એ વ્યક્તિ કે જેના નામ સભ્યોના રજિસ્ટરમાં નોંધાયેલા છે અથવા ડિપોઝિટરીઓ દ્વારા કટ ઓફ ડેટ પર જાળવવામાં આવેલ લાભકારક સભ્યોના રજિસ્ટરમાં નોંધાયેલા છે, ફક્ત તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધા દ્વારા અને વાર્ષિક સામાન્ય સભામાં મતદાન આપવાના હકદાર છે.

વધુમાં આ ૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ નો કંપનીનો વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક કોપી કંપનીની વેબસાઈટ www.bloomdekro.com પર પણ ઉપલબ્ધ છે અને ૨૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ ઈ-વોટિંગ એજન્સીની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

કોઈપણ વધુ સ્પષ્ટતા, સભ્યો દૂરસ્થ ઈ-મતદાન એજન્સીની વેબસાઈટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં સભ્યો માટે દૂરસ્થ ઈ-મતદાન વપરાશકર્તા માર્ગદર્શિકા માટે વારંવાર પૂછાતા પ્રશ્નો નો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર ફોન કરી શકો છો. સભ્યો કંપનીની કોર્પોરેટ ઓફિસ પર કંપનીના કંપની સચિવશ્રી તુષાર ડોંડા ને પણ સંપર્ક કરી શકે છે અથવા redressal@bloomdekro.com પર ઈ-મેઈલ લખી શકે છે અથવા ૦૭૯-૨૬૮૪૧૯૧૬ / ૧૭ પર ફોન કરી શકે છે.

બ્લૂમ ડેકોર લીમીટેડ વતી,
સહી/-
ડૉ. સુનિલ ગુપ્તા
મેનેજીંગ ડિરેક્ટર
ડીએન : ૦૦૦૧૨૫૭૨

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૭।૦૮।૨૦૧૯